# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-02-2026** **Day: Sunday** **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કેન્દ્રીય અંદાજ પત્ર-૧:

કેન્દ્રીય નાણામંત્રી **નિર્મલા સીતારમણે** આજે સંસદમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ રજૂ કર્યું. આ બજેટને 'વિકસિત ભારત'ના પાયા તરીકે ગણાવતા તેમણે આ વર્ષનું અંદાજપત્ર ત્રણ મુખ્ય 'કર્તવ્યો'- આર્થિક વૃદ્ધિ, ક્ષમતા નિર્માણ, સંસાધનોની પહોંચના વિસ્તાર પર પ્રેરિત હોવાનું જણાવ્યું છે.

બજેટને **'યુવા શક્તિ'** પર આધારિત ગણાવતા સુશ્રી '**સીતારમણે** કહ્યું કે, વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ૨૦૨૬'માં યુવાનો દ્વારા આપવામાં આવેલા નવીન વિચારોને આ બજેટમાં સ્થાન આપવામાં આવ્યું છે. નાણામંત્રીએ **'સંકલ્પ'** યોજના હેઠળ ગરીબ, વંચિત અને પછાત વર્ગોને મુખ્ય પ્રવાહમાં લાવવાની નેમ વ્યક્ત કરી છે.

કરવેરાના મોરચે આગામી એક એપ્રિલ ૨૦૨૬થી નવો **'ઇન્કમ ટેક્સ એક્ટ ૨૦૨૫'** અમલમાં આવશે, જે કરચોરી રોકવા અને પ્રામાણિક કરદાતાઓને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરાયો છે. આ ઉપરાંત, વિદેશી રોકાણને આકર્ષવા માટે એવી વિદેશી કંપનીઓને **વર્ષ ૨૦૪૭ સુધી 'ટેક્સ હોલિડે'** કર મુક્તિ આપવાની દરખાસ્ત કરાઈ છે.

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ ખર્ચ ૫૩ લાખ ૪૭ હજાર ૩૧૫ કરોડ રૂપિયા હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. દેશના માળખાગત વિકાસને વેગ આપવા માટે સરકારે મૂડી ખર્ચમાં મોટો વધારો કર્યો છે, જે હવે વધીને ૧૨.૨૧ કરોડ રૂપિયા પર પહોંચ્યો છે.

કર અને કર સિવાયની આવક મળીને કુલ મહેસૂલી આવક અંદાજે ૩૫.૩૩ કરોડ રૂપિયા અંદાજવામાં આવી છે.

---------------------------------------------------------------------------

## કેન્દ્રીય અંદાજપત્ર-૨:

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે રજૂ કરેલા બજેટમાં દેશના સર્વાંગી વિકાસ માટે વિવિધ ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે.

બજેટની ક્ષેત્રવાર મુખ્ય જાહેરાતો પર નજર કરીએ તો ખેડૂતોની આવક વધારવા માટે નાળિયેર, ચંદન, કોકો અને કાજુ જેવા ઉચ્ચ મૂલ્ય ધરાવતા પાકોના વાવેતરને પ્રોત્સાહન આપવામાં આવશે. આ ઉપરાંત, 'ભારત વિસ્તાર' નામનું AI ટૂલ લોન્ચ કરવાની દરખાસ્ત છે, જે ખેડૂતોને પાક પદ્ધતિ અને ટેકનોલોજી અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડશે. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ દ્વારા સંચાલિત ઉદ્યોગો માટે શી-માર્ટસની સ્થાપના કરવામાં આવશે.

આ ઉપરાંત, કચ્છના ધોળાવીરા સહિત દેશના ૧૫ પુરાતત્વીય સ્થળોને વૈશ્વિક કક્ષાના સાંસ્કૃતિક પ્રવાસન સ્થળો તરીકે વિકસાવવામાં આવશે.

---------------------------------------------------------------------------

# અંદાજપત્ર અંગે પ્રતિભાવો:

કેન્દ્રીય બજેટની જાહેરાત બાદ કચ્છના વિવિધ ક્ષેત્રના લોકોએ આકાશવાણીને પોતાના પ્રતિભાવ આપ્યા હતા. આ અંગેનો અહેવાલ આપે છે પરેશ મારુ...

---